

# કુળદેવી શ્રી ઉમિયા માતાજીની આરતી

ઉમિયા દુઃખ હરે, મા ઉમિયા દુઃખ હરે,
આવ્યા શરણ તમારે (૨) બાળક દ્વાર પરે
ઉમિયા દુઃખ હરે....

તું અંબા તું તુળજા, તું બહુચર બાળી (૨)
તું ભુવનેશ્વરી માઈ (૨) જય વિજયા કાળી
ઉમિયા દુઃખ હરે....

તું લક્ષ્મી સાવિત્રી, તું રાધે સીતા,
તું ગંગા ગાયત્રી, તું ગૌરી ગીતા
ઉમિયા દુઃખ હરે....

આધ્ય શકિત નારાયણી, તું મંગળ દાતા (૨)
બ્રહ્મા, વિષ્ણુ, સદાશીવ ગુણ તારા ગાતા
ઉમિયા દુઃખ હરે....

માનો મંડપ લાલ ગુલાલ, શોભે બહુ સારી (૨)
દર્શન કરવા આવે અગણીત નર નારી
ઉમિયા દુઃખ હરે....

ભાવ ન જાણું ભકિત ન જાણું નવ જાણું સેવા (૨)
વજપાલ સિંહને રાખ્યા ચરણે સુખ દેવા
ઉમિયા દુઃખ હરે....

ઉમિયા માની આરતી જે કોઈ ગાશે
જે ભાવે ગાશે, ભણે રતિ રેવાના સુખ સંપત થાશે
અતિ આનંદ થાશે, હર કૈલાશે જાશે, મારી ઉમિયા દુઃખ હરશે
ઉમિયા દુઃખ હરે....

ઉમિયા દુઃખ હરે, મા ઉમિયા દુઃખ હરે
આવ્યા શરણ તમારે બાળક દ્વાર પરે
ઉમિયા દુઃખ હરે....